**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરનું રાખડી બજાર વિસ્તર્યું

## બજાર વિવિધ રાખડીઓથી છલકાયું : બ્રો, વીરા લખેલી રાખડીઓ ટ્રેન્ડમાં






ગાંધીનગર, તા.૭

રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે શહેરના માર્કેટ રાખડીઓથી ધમધમે છે. શહેરના મુખ્ય સેકટરો જયાં દર વર્ષે રાખડીના સ્ટોલ થાય છે તેવા સે-૨૧, ૨૪, ૭, ૧૨ તથા આ વર્ષે વિવિધ સેકટરોના શોપીંગ સેન્ટર, નવા સેકટર એમ દરેક જગ્યાએ રાખડીના નાના મોટા સ્ટોર ગોઠવાઈ ગયા છે. માર્કેટમાં રૂ.૧થી લઈ ૧૦૦૦ સુધીની રાખડી ઉપલબ્ધ છે અને એડી ડાયમન્ડ, વુડન, કુંદન, ભગવાનના પેન્ડન્ટ ધરાવતી વિશિષ્ટ રાખડી હાલ ટ્રેન્ડમાં છે.

બહેનો પોતાના ભાઈ માટે રાખડી ખરીદવા તત્પર છે ત્યારે શહેરમાં વિવિધ પ્રકારની રાખડી ઉપલબ્ધ છે. બાળકો માટે યુવાનો માટે તથા મોટાઓ માટે અલગ અલગ રાખડી વેચાઈ રહી છે. બાળકો માટે આ વર્ષે નવી લાઈટ સ્પીનર રાખડી વેચાઈ રહી છે જે બાળકોમાં હોટ ફેવરીટ છે. આ ઉપરાંત મેટલના ગણપતિ, એંગ્રીબર્ડ, ભીમ, હનુમાન, ટવીટી અને મીનીયમની રાખડી ઉપલબ્ધ છે. આ ઉપરાંત ભાભી રાખડી દર વર્ષની જેમ વેચાણમાં છે.


ભાઈ-ભાભી કોમ્બો રાખડી આ વર્ષે ટ્રેન્ડમાં- મેચિંગ રાખડી ભાઈ-ભાભીને બાંધવાનો શહેરીજનોમાં ક્રેઝ

આ સિવાય શ્રીફળ પાન, ચાંદીના ગણપતિની રાખડી, કાચબા, શંકરદાદા, અંબેમા, હનુમાનદાદાના પેન્ડન્ટની રાખડી સાથે વુડન રાખડી ઉપરાંત બ્રો અને વીરા લખેલી રાખડી હાલ હોટ ફેવરીટ છે. સાદી અને સીમ્પલ રાખડી જે ગુંથણ સાથે સાદા મોતી ધરાવે તેવી રાખડી પણ બજારમાં વેચાઈ રહી છે.

રાખડીનો ભાવ ૧ રૂ.થી લઈ ૧૦૦૦ રૂ. સુધીનો છે પરંતુ સૌથી વધુ ૬૦ રૂ.થી લઈ ૨૦૦ રૂ. વચ્ચેની રાખડી વેચાય છે. ગોટાનો ભાવ ૨૦ થી ૩૦ રૂપિયે ડઝન તથા સાદા ગોટા ૧૫ રૂ. ડઝનની કિંમતમાં વેચાઈ રહ્યા છે.

રાખડીના વેપારી પાર્થ સુરતીના જણાવ્યા મુજબ આ વર્ષે રાખડીના વેપારી વધી ગયા છે બજારમાં વધુ વેપારીઓ સ્પર્ધામાં છે એટલે આ વખતે રાખડીઓનો ભાવ લગભગ ૩૦ ટકા જેટલો ડાઉન છે.

# ડેટા સાયન્સ અગાધ તકો સાથે ખૂબ ઉપયોગી, સાથે તેટલું જ જોખમી

## આઈઆઈટી ગાંધીનગરમાં ડેટા સાયન્ટિસ્ટ પ્રો. જયંત હરિસ્તાનું વકતવ્ય યોજાયું





ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીમાં 'ડેટા સાયન્સ : ધ ગુડ એન્ડ ધ અગ્લી' વિષયે વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બેંગ્લોરની આઈઆઈએસસીના ડેટા સાયન્ટિસ્ટ તથા પ્રાધ્યાપક પ્રો. જયંત આર. હરિસ્તાએ જણાવ્યું હતું કે 'ડેટા સાયન્સ ક્ષેત્રે અગાધ તકો રહેલી છે જે માનવ જીવન માટે ઉપયોગી સાબિત થઈ શકે છે, પરંતુ જો તેને સંભાળીને ઉપયોગમાં લેવામાં આવે કેમ તે ડેટા સાયન્સ પાસે વિનાશકારી શકિત પણ એટલાં જ પ્રમાણમાં છે જે સમાજ માટે જોખમી સાબિત થઈ શકે છે.'

પ્રો. જયંત હરિસ્તાએ તેમના વકતવ્ય દરમિયાન વિવિધ ક્ષેત્રે, સરકારી સભા મંડળો તેમજ ખાનગી કંપનીઓ વગેરે દ્વારા ડેટા સાયન્સના ઉપયોગ તથા તેની પૃષ્ટિભૂમિ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ સાથે તેમણે કેટલીક કંપનીઓ દ્વારા ડેટા સાયન્સનો ઉપયોગ તેના ગ્રાહકોની પ્રાથમિકતા સમજવા તથા તેમને ઉત્તમ પસંદગીની તક અને વધુ સારી સર્વિસ આપવા માટે પણ કરવામાં આવે છે. તેમના મત મુજબ ડેટા સાયન્સ એ ભવિષ્યમાં ડોકિયું કરવા સાથે ગ્રાહક અને કંપની બંને માટે સાનુકુળ પરિસ્થિતિનું નિર્માણ કરે છે તે સાથે આ વિજ્ઞાન ટ્રાન્સપોર્ટ, કન્ઝયુમર ઈલેકટ્રોનિકસ, બેકિંગ, પાવર સેકટર વગેરેમાં સીધી હકારાત્મક ભૂમિકા ભજવી શકે છે. જો કે મોટો ડેટા ખોટા સવાલ જવાબનો પ્રોત્સાહન આપી શકે છે જે બિન ઉપયોગી કે જોખમી સાબિત થઈ શકે છે. આ વકતવ્યનો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

# એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ શાળાની વિદ્યાર્થીનીએ 'મોસ્ટ કોમેન્ડેશન ડેલીગેટ'નો એવોર્ડ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા.૭

સર્વ વિદ્યાલય કેળવી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલની ધો-૧૧ કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શિવા જોષીએ રાજયકક્ષાએ યોજાયેલ ડીપ્લોમસી લર્નીંગ ડેવલપમેન્ટ અંતર્ગત સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ કમે આવી 'મોસ્ટ કોમેન્ડેશન ડેલીગેટ'નો એવોર્ડ મેળવ્યો છે.




હાલમાં જ અમદાવાદની એચ.એલ. કોલેજ અને યુનોની મોડેલ યુનાઈટેડ નેશન્સ દ્વારા ગુજરાત રાજયના વિદ્યાર્થીઓમાં ડીપ્લોમસી લર્નિંગ ડેવલપમેન્ટ અંતર્ગત અનેક વિષયો ઉપર ત્રિદિવસીય સેમિનાર અને અનેક સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કોઈ પણ એજ ગ્રુપના બાધ વગર પ્રાથમિકથી લઈ કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે ગુજરાત વિધાનસભા અને ધારાસભ્યો, વૈશ્વિક વિકાસ જેવા વિષયો ઉપર વાદ-વિવાદ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સમગ્ર રાજયમાંથી ૭૦૦થી વધુ ડેલીગેટસે ભાગ લીધો હતો. એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ શાળાની વિદ્યાર્થીની શિવા જોષીએ પણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીને મોસ્ટ કોમેન્ડેશન ડેલીગેટ એવોર્ડ પ્રાપ્ત કરી રૂ. ૨૦૦૦ કેશ પ્રાઈઝ, શિલ્ડ અને ગીફટ વાઉચર મેળવ્યા હતા. જેને માર્ગદર્શન શીલ્પા તન્ના, સૂપર્ણા મુખર્જી અને ડૉ. સ્નેહા પટેલ દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું.

શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા 'લવ યુ જીંદગી' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

'જીંદગીને જો તમારે આનંદપૂર્વક અને પ્રેમપૂર્વક જીવવી છે તો સૌ પ્રથમ તમારી જાતને પ્રેમ કરો, બીજું નકારાત્મક વાતાવરણથી દૂર રહો.' આજે ગાંધીનગરમાં સેકટર-૨૩માં કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે બ્રહ્માણી કૃપા હોલમાં 'લવ યુ જીંદગી' કાર્યક્રમ અંતર્ગત વકતા મેનેજમેન્ટ ટ્રેનર આર.કે.ચોપરાએ યુવાનોને જોશીલું સંબોધન કર્યું હતું.

આર.કે.ચોપરાએ જણાવ્યું હતું કે 'દરેકે કૃતજ્ઞતાનો ભાવ




કેળવવો જોઈએ, જરૂરિયાતમંદ વ્યકિતઓને મદદ કરવી જોઈએ અને ભાવનાત્મક સ્વચ્છતા રાખી વર્તમાનમાં જીવવું જોઈએ.' 'લવ યુ જીંદગી' કાર્યક્રમમાં સર્વ નેતૃત્વ ગૃપના ૨૫૦થી વધુ પૂર્વ તાલીમાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા જેમને ટૂંકી ટૂંકી મુવીના માધ્યમથી જીવનના લક્ષ્ય સુધી પહોંચવા માટે પ્રોત્સાહિત કરતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ અને સર્વ નેતૃત્વ ગૃપના સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ગૃપના સ્વયંસેવકો દ્વારા કરાયું હતું.

# બાઈકની ટક્કરે ઈજાગ્રસ્ત યુવતિનું મૃત્યુ

પ્રાપ્ત માહિતી અનુસાર કલોલ-અડાલજ માર્ગ પર શેરથા કટ પાસે તા.૩૧ જુલાઈના રોજ સાંજના ૭ વાગ્યાના અરસામાં યુવતિ ઉભી હતી. તે સમય દરમિયાન બાઈક ચાલકે ટક્કર મારતા યુવતિ ઘાયલ થતા સારવાર માટે ખસેડાઈ હતી. જયારે ગંભીર રીતે ઈજા પામેલ યુવતિને ટોલટેક્ષની એમ્બ્યુલન્સમાં કલોલ, ગાંધીનગર સિવિલ ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવી હતી. અંદાજીત ૨૦ વર્ષની યુવતિ બેભાન થઈ ગઈ હોવાથી અને તેની ઓળખ થઈ શકી નથી. ત્યારે બીજી તરફ ગંભીર રીતે ઘાયલ યુવતિનું મંગળવારના રોજ સારવાર દરમિયાન મૃત્યું થયું છે. અડાલજ પોલીસે અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# ઓમકારેશ્વર મહાદેવ ખાતે એક 'વડીલ'ની અનોખી 'દાતણ સેવા'

## આશરે ૭૦ વર્ષના 'વડીલ' વર્ષોથી જાતે ડાળીઓ કાપી કટિંગ કરી દર્શનાર્થીઓને વિના મૂલ્યે દાતણનું વિતરણ કરે છે : દરરોજ ૧૦૦ લીમડાંના અને ૧૦૦ બાવળના દાતણનું વિતરણ કરે છે

ગાંધીનગર, તા.૬

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. આ માસમાં સૌ કોઈ ધર્મ ધ્યાન સાથે દાન-પુણ્ય કાર્ય પણ કરતાં હોય છે. જો કે કેટલાક માનવીઓ માટે અન્યને ઉપયોગી થવાની વૃત્તિ એ કોઈ શ્રાવણ માસની રાહ જોઈને બેસી રહેતી નથી. ગાંધીનગરના સેકટર-૪માં ઓમકારેશ્વર મહાદેવ ખાતે આશરે ૭૦ વર્ષીય વડીલ વર્ષોથી દરરોજ સાંજે દર્શનાર્થીઓને વિના મૂલ્યે દાતણ આપે છે. જેને લીમડાંનું દાતણ જોઈતું હોય તેને લીમડાંનું અને જેને બાવળનું દાતણ જોઈતું હોય તેને બાવળનું દાતણ આપે છે.

ગાંધીનગરના વન વિભાગમાંથી નિવૃત્ત થયેલા ઓબીસી સમાજના આ વડીલની આ 'દાતણ સેવા' તેમના યુવાની કાળથી ચાલી આવે છે. પોતાનુ નામ નહીં છાપવાની કે ફોટો નહી મુકવાની શરતે આ સેવાભાવી વડીલે જણાવ્યું હતું કે તેઓ મૂળ જામનગર જિલ્લાના વતની હતા જયાં મોટા પરિવારમાં રહેતા હતા. તેમના બહોળા પરિવાર માટે તે જમાનામાં દરરોજ ૫૦ દાતણની જરૂર પડતી હતી તેથી તે દાતણ ખરીદવાને બદલે જાતે વગડામાં જઈ ડાળી કાપી લાવી દાતણ બનાવવાનું કામ કરતા હતા. લીમડાં કે બાવળનું દાતણ કરવાને લીધે જડબા મજબૂત બને છે. તેવું માનતા આ વડીલને



જયારે ગાંધીનગરમાં સરકારી નોકરી મળી ત્યારે અહીં આવી વસવાટ કર્યો પરંતુ અહીં નોકરીનો સમય પુરો થયા બાદ શું કરવું તેની મુંઝવણમાં તેમને પોતાની જુની પ્રવૃત્તિ યાદ આવી હતી અને દરરોજ સાંજે દાતણ કાપી લાવવાનું શરુ કર્યું હતું. જો કે શહેરમાં જન્મેલા તેમના બાળકોએ દાતણનો ઉપયોગ કરવાની આનાકાની કરી એટલે તે વડીલે મંદિરે સાંજે બેસતા વડીલોને દાતણ આપવાનું શરુ કરી દીધું હતું.

તેઓ વિના મૂલ્યે દરેકને જરૂર મુજબનું લીમડાંનું કે બાવળું દાતણ પુરું પાડવા લાગ્યા હતા તેથી ધીમે ધીમે 'દાતણ'ની માંગ વધવા લાગી અને આજે તેઓ આમકારેશ્વર મંદિરે દરરોજના ૧૦૦ લીમડાના અને ૧૦૦ બાવળના દાતણનું વિતરણ કરે છે. આ વડીલ માને છે કે 'આજના યુવાનોના તમાકુ જેવા વ્યસનને કારણે મ્હો પુરાં ખુલતા નથી જેના કારણે તેમના મ્હોં બરાબર સાફ થતા નથી. જો આ યુવાનો લીમડાં કે બાવળનું દાતણ નિયમિત કરે તો તેમનું મ્હોં ખુલતું થઈ જાય અને તેમનાં જડબા પણ મજબૂત બને. પૂર્વ વનકર્મી હોવાને કારણે તેઓ પર્યાવરણ પ્રેમી છે અને વૃક્ષોનું વાવેતર કરી તેને જતનપૂર્વક ઉછેરે છે અને દાતણ પણ દરરોજ આ ઉંમરે પણ જાતે જ ડાળીઓ કાપી લાવી જાતે જ કટિંગ કરી બનાવે છે અને દર્શનાર્થીઓને વિના મૂલ્યે વિતરણ કરે છે.'

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ઈલાયચીના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ ખાતે સાંજે ૫થી ૮.૧૫ દરમિયાન કંકણ કલાકૃતિના હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા નરેન્દ્ર મહેતાના નિવાસસ્થાન નરેન્દ્ર મહેતા બ્લોક નં. ૧૦૦/૧, છ ટાઈપ ખાતે રાત્રે ૯થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્નપાઠ અને સ્તુતિ વંદના કાર્યક્રમ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા ગિરીધરભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન સી-૮૦૪, રાધે રેસીડેન્સી કુડાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી સાંજના ૮ કલાક દરમિયાન ચોકલેટના હિંડોળા દર્શન તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૩ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા દત્ત મંદિર સે-૧૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી હિતેશભાઈ પંચોલી દ્વારા શિવ મહિમ્ન સ્તોત્રથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા મહેશભાઈ પુરોહિતના નિવાસસ્થાન ૬૬૧/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપુજા અને મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક

● જિલ્લા કોર્ટ ગાંધીનગર દ્વારા સાંજે ૫.૩૦ થી ૭ દરમિયાન સે-૫ બગીચા ખાતે કાનૂની શિબિર યોજાશે.

## સમસ્ત જૈન સમાજના ચારેય ફિરકાનાં યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા.૬

લાયન્સ કલબ ઓફ અમદાવાદ સેટેલાઈટ અને સપ્તપદી ટ્રસ્ટ દ્વારા સમસ્ત જૈન સમાજના ચારેય ફિરકાં માટે જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન તા. ૨૨મી સપ્ટેમ્બર રવિવાર સવારે ૮ થી બપોરના ૧ વાગ્યા સુધી એલિસબ્રીજ ખાતે શેઠ મંગળદાસ ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે. આ પસંદગી સંમેલનમાં જૈન સમાજના ચારેય ફિરકાંના અપરિણિત યુવક-યુવતિઓ, વિધુર-વિધવા, છુટાંછેડાવાળા ઉમેદવારો ભાગ લઈ શકશે. પસંદગી સંમેલનમાં સામેલ થવા માટેની છેલ્લી તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૧૯ છે. જે માટે બાયોડેટા સાથે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ૫૫, અંજતા કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે અથવા મો.નં. ૯૪૨૬૪૧૭૭૬૬ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

## જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા અંબાજીની ૩૧મી પદયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૬

જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી ભાદરવા માસમાં ગાંધીનગરથી મા જગદંબાના અંબાજી ધામની પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. પ્રથાનુસાર ૩૧મા વર્ષની પદયાત્રા તા. ૩જી સપ્ટેમ્બરથી તા. ૯મી સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. જેના ફોર્મ તા. ૨૪મી ઓગસ્ટ સુધીમાં પરિવારના કાર્યાલયમાં ભરી જવાના રહેશે તેમ જય અંબે પરિવાર ટ્રસ્ટના મંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવેલ છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **ખાનદાની શફાખાના** ૯.૪૫, ૧૧.૩૫, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
● **જજમેન્ટલ હૈ કયા** ૯.૦૫, ૫.૩૦, ૧૦.૪૫
● **સુપર-૩૦** ૨.૫૫, ૬.૫૫, ૯.૩૦, ૧૦.૦૦
● **ચાસણી (ગુજરાતી)** ૮.૦૦ કલાકે સાંજે
● **કબીરસિંગ** ૧૨.૫૫ બપોરે
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૫.૧૫, ૯.૪૫, ૧૦.૫૫
૩-ડી અંગ્રેજી ૧૧.૩૫, ૮.૦૫
● **ધ લાયન કિંગ** હિન્દી ૩-ડી ૧૦.૫૦, ૪.૨૫, ૭.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **ખાનદાની શફાખાના** ૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
● **જજમેન્ટલ હૈ કયા** ૧૦.૧૫ સવારે, ૪.૦૦ સાંજે
● **સુપર-૩૦** ૧૨.૫૦, ૬.૩૫, ૯.૪૫
● **ચાસની (ગુજરાતી)** ૧.૩૫
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૮.૦૫, ૧૦.૫૫
૩-ડી અંગ્રેજી ૯.૩૦, ૧૧.૩૫, ૫.૧૫
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૧૧.૦૦, ૪.૨૦, ૬.૫૫

### સિટી પલ્સ કુડાસણ

● **ખાનદાની શફાખાના** ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
● **જજમેન્ટલ હૈ કયા** ૬.૩૦
● **સુપર-૩૦** ૭.૦૦ સાંજે
● **ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૩.૪૫
● **ચાસની (ગુજરાતી)** ૯.૩૦
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૨-ડી હિન્દી ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૨-ડી અંગ્રેજી ૧૨.૧૫, ૫.૧૫, ૯.૩૦
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૪.૩૦, ૭.૦૦
● **કબિરસિંગ** ૧૨.૩૦ બપોરે

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● **ખાનદાની શફાખાના** ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૩૦
● **જજમેન્ટલ હૈ કયા** ૪.૫૫
● **સુપર-૩૦** ૧.૪૦, ૭.૧૫
● **ચાસની (ગુજરાતી)** ૧૦.૧૫ રાત્રે
● **ફાસ્ટ એન્ડ ફયુરિયસ** ૨-ડી હિન્દી ૧૦.૦૦, ૧૨.૫૫, ૩.૫૦, ૬.૪૫, ૯.૪૦
૩-ડી હિન્દી ૮.૩૦, ૧૧.૨૫, ૫.૧૫, ૮.૧૦, ૧૧.૦૫
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૨.૨૦

## સર્જક દિનેશ દેસાઈ સાથે એક સાંજ કાર્યક્રમ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે જાણીતા સર્જક કવિ લેખક, પત્રકાર દિનેશ દેસાઈ તેમની સર્જન પ્રક્રિયાની તેમજ રચનાની પ્રસ્તુતિ તા. ૧૧મી ઓગસ્ટ રવિવારના રોજ સાંજે પાંચ કલાકે યુથ હોસ્ટેલ, સેકટર-૧૬-ગાંધીનગર ખાતે કરશે. સાહિત્ય પ્રેમી સાહિત્યસભાના સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવરભાઈ હેડાઉએ જણાવેલ છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર સીતાબેન ઓથાજી, ઉ.વ. ૮૫
● સ્વ. વાઘેલા હિરાબેન નાનાભાઈ, ઉ.વ. ૭૨
● સ્વ. રાઠોડ રામજીભાઈ બબાભાઈ, ઉ.વ. ૫૫